SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 78. લોકસાહિત્યમાં ઉત્તર ગુજરાતના સર્જકોનું પ્રદાન

ધમલાત ઉર્મિબહેન રમેશભાઈ

ઉત્તર ગુજરાત એટલે 'આનર્ત ગુજરાત'. 'આનર્ત ગુજરાત' તરીકે ઓળખાતા ઉત્તર ગુજરાતમાં ચાર જીલ્લાઓ પ્રવર્તમાન છે. જેમાં પાટણ,મહેસાણા,સાબરકાંઠા જેવા ચાર જિલ્લાઓનો સમાવેશ થાય છે.પરંતુ ૨૦૧૩ના સમયગાળામાં સાબરકાંઠા જીલ્લામાંથી એક નવા જિલ્લાનું વિભાગીકરણ થયું અને તેમાંથી એક નવો જિલ્લો અસ્તિત્વમાં આવ્યો તે 'અરવલ્લી'ના નામે ઓળખાય છે.'અરવલ્લી' એટલે ભિલોડા,મેઘરજ આસપાસનો આદિવાસી વિસ્તાર. હવેથી ઉત્તર ગુજરાતમાં પાંચ(૫) જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ પાંચેય જિલ્લા તરફ નજર નાખતાં તેમાં ભાત-ભાતના, ભિન્ન-ભિન્ન પ્રકારના લોકો વસે છે. તેમની પોતાની જ્ઞાતિ,પેટા જ્ઞાતિ, તેમની પોતાની લોકસંસ્કૃતિ છે તથા તેમનું પોતાનું આગવું સાહિત્ય પણ છે.પરંતુ આ સાહિત્ય તે મુખ્યત્વે બે ભાગોમાં વહેચાયેલું છે.

જેમ કે, ૧) મુખ્યધારાનું સાહિત્ય, ૨) આદિવાસીઓનું સાહિત્ય

મુખ્ય ધારાનું સાહિત્યમાં શિષ્ટ ભાષી લોકોના સાહિત્યનો સમાવેશ થાય છે. જયારે આદિવાસીઓના સાહિત્યમાં આદિવાસી લોકોની કંઠસ્થ પરંપરાના સાહિત્યનો સમાવેશ થાય છે. મુખ્ય ધારાનું સાહિત્યતે મુખ્યત્વે પાટણ,મહેસાણાના આસપાસના વિસ્તારોમાંથી મળી આવે છે. જયારે આદિવાસીઓનું સાહિત્ય મુખ્યત્વે બનાસકાંઠા ,સાબરકાંઠા અને અરવલ્લીના વિસ્તારોમાંથી પ્રાપ્ત થાય છે. અહિયાં આપણે બંને ધારાઓના સાહિત્યને તથા ઉત્તર ગુજરાતને કેન્દ્રમાં રાખીને સંપાદનો આપનાર નામી-અનામી એવા લોક સંપાદકોના પરિચય સાથે તેમના સંપાદનોને પણ મૂલવવાનો પ્રયત્ન કરીશું.

૧) પુષ્કર ચંદરવાકર

પુષ્કર ચંદરવાકરનો જન્મ ૨૨ ફેબ્રુઆરી ૧૯૨૨નાં રોજ ચંદરવા ગામે થયો હતો. તેમનું મૂળ નામ'પુષ્કર ત્રિવેદી'હતું તેમણે એમ.એ.,પીએચ.ડી.સુધીનો અભ્યાસ કર્યો છે.

૨) કનુભાઈ આચાર્ય

કનુભાઈ આચાર્યનો જન્મ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના વારાહી ગામમાં તા.૧૪/૧૦/૧૯૪૯ના રોજ થયો હતો. તેઓ પોતાને'દિલ' એવા ઉપનામથી ઓળખાવે છે. તેમણે બી.એ., બી.એડ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો છે. તથા ડાવસમાં જાગૃતિ ઉ.બુ. વિદ્યા મંદિરમાં પ્રિન્સિપાલ તરીકેની ફરજ બજાવીને નિવૃત થયેલ છે. હાલમાં તેઓ ઘરે સંશોધન સંપાદનનું કામ કરી રહ્યા છે. તેમણે લોકસાહિત્યક્ષેત્રે આપેલા સંપાદનો નીચે મુજબ છે. ૧) બનાસદર્શન–૧૯૮૦ ૨) ઉત્તર ગુજરાતની અસ્મિતા ગ્રંથ-૧૯૮૨ ૩) લોક હૈયા ભીનાં ભાગ-૧,૨-૧૯૮૮ ૪) બનાસ ગાઈડ–૨૦૦૦ ઉત્તર ગુજરાતની અસ્મિતા ગ્રંથએ ઉત્તર ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિને તાદર્શ કરતો સંપાદન ગ્રંથ છે.

૩) માધવ ચૌધરી

માધવ ચૌધરીનો જન્મ મહેસાણા જિલ્લાના પુનાસણ ગામે તા. ૨/૧/૧૯૨૦ના રોજ થયો હતો. તેમણે મેટ્રિક, બી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. બાળપણથી જ આયુર્વેદ, લોકસાહિત્ય, સંપાદન અને સંપાદન એમના મુખ્ય રસના વિષયો રહયા છે. તેમના આશરે ચાલીસ (૪૦) જેટલા પુસ્તકો પ્રકાશિત થઈ ચુક્યા છે. તેમાં લોકસાહિત્ય વિષયક માત્ર એક સંપાદન તેમની પાસેથી મળી આવે છે.૧) રાતો રે રંગ કેવડો(૧૯૮૩)

૪) ભગવાનદાસ પટેલ

ભગવાનદાસ પટેલનો જન્મ જામળા (તા.હિંમતનગર જી.સાબરકાંઠા) ગામમાં તા.૧૯/૦૧/૧૯૪૩ના રોજ થયો હતો. તેમનું મૂળનામ ભગવાનદાસ કુબેરદાસ પટેલ તેમણે એમ.એ., એમ. ફિલ. અને પીએચ.ડી સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ ખેડબ્રહ્માની કે. ટી હાઇસ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવી નિવૃત થયેલા છે. ખેડબ્રહ્માની કે. ટી હાઇસ્કુલમાં નોકરી દરમિયાન એક વાર તેઓ ખેડબ્રહ્માની હરણાવ નદીના પુલ ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યાં તેમણે તેમની પાછળ આવતા આદિવાસી તરુણીઓના વૃંદને કંઇક ગણ-ગણતા સાભળ્યું. એ ગીતના સબ્દો

તેમના કાનમાં ગુંજવા લાગ્યા અને તેનો અર્થ જાણવાની તેમને જિજ્ઞાસા થઈ. બીજા જ દિવસે પોતાની શાળામાં અભ્યાસ કરતાં આદિવાસી વિધાર્થી પાસે તેનો અર્થ જાણીને એમનું રોમે રોમ પુલકિત થઈ ઉઠ્યું અને આજ કારણે તેમને આદિવાસી લોક-સંસ્કૃતિ સંપાદનોના અભ્યાસ તરફ દોરી જાય છે.

૫) શાંતિભાઈ આચાર્ય

શાંતિભાઈ આચાર્યનો જન્મ લતીપુર(તા.ઘોળ જી.જામનગર) ગામમાં તા.૨૫/૧૦/૧૯૩૩ના રોજ થયો હતો, તેમણે એમ.એ,પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે બોલી વિષયક અભ્યાસ કરીને મહત્વનું કાર્ય કર્યું છે તેમણે જે તે પ્રદેશની બોલીને લોકકથાના માધ્યમે વૈજ્ઞાનિક પદ્ધતિથી ધ્વનિમુદ્રિત કરી આપી છે. તેમનું આ કાર્ય કઠીન અને અઘરું હોવા છતાં તેમણે સરળતાથી પર પાડ્યું છે જેથી લોકસાહિત્ય સંપાદકોમાં તે અગ્રસ્થાને બિરાજે છે

૬) અમૃત પટેલ

અમૃત પટેલનો જન્મ તેમના મોસાળ સુણોકમાં(તા.સિધ્ધપુર) તા.૦૭/૧૨/૧૯૫૬ના રોજ થયો હતો તેમણે એમ.એ,એમ.ફિલ.,પીએચ.ડી સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે પીએચ.ડી અભ્યાસ દરમિયાન ક્ષેત્રકાર્ય કરતી વખતે ઢગલાબંધ લોકગીતો એકઠા કરેલા અને એને પુસ્તકરૂપે પ્રકાશિત કરી વાચકો સમક્ષ રજુ કર્યા છે. તેમનું લોકસાહિત્યમાં ખૂબ મોટું પ્રદાન છે. જેમકે, લોકવાર્તા, લોક કથા, ઓઠા વિષયક વગેરે જેવા સાહિત્યમાં ખૂબ વિશાળ પ્રમાણમાં તેમનું પ્રદાન જોવા મળે છે.

૭) વિજય પુષ્પા ભગોરા

વિજય પુષ્પા ભગોરાનો જન્મ બિલડિયા તા. વિજયનગર જી.સાબરકાંઠા) ગામમાં થયો હતો. તેઓ સેંટ એન્ડ્રુઝ હાઇસ્કુલ, બિલડીયામાં ગત વર્ષો સુધી ગુજરાતી વિષયના શિક્ષક અને છેલ્લે આચાર્ય તરીકેની ફરજ બજાવીને નિવૃત થયેલ છે. તેમણે વિજયનગર વિસ્તારના આદિવાસી ડુંગરી ગરાસિયા જ્ઞાતિના લગ્ન પ્રસંગે વિવિધ વિધિ-વિધાનોમાં વ્યક્ત થતા લગ્નગીતોનું સંપાદન કર્યું છે.

૮) પ્રજ્ઞાબેન પટેલ

મફત રણેલા કરે અને પ્રજ્ઞાબેન પટેલે ઉત્તર ગુજરાતના ભિન્ન-ભિન્ન સંપાદકોની કલમે લખાયેલી પાત્રીસ લોકકથાઓનું સંપાદન કર્યું છે. સંપાદન ગ્રંથના આરંભે કનૈયાલાલ જોશીએ‘ઉત્તર ગુજરાતની લોકકથાઓ‘ એવો અભ્યાસ લેખ રજુ કર્યો છે. તેમણે ભિન્ન ભિન્ન લોકકથાઓ વિશેના પોતાના મતો જાહેર કર્યા છે. તથા લોકકથાઓ કયા કયા પ્રદેશમાંથી મેળવી છે તેની વાત પણ તેમણે કરી છે.

૯) પ્રેમજી પટેલ

પ્રેમજી પટેલે પોતાના તલોદ આસપાસના વિસ્તારોમાં પ્રચલિત અને પોતાની લોકબોલીમાં લોકસાહિત્યક્ષેત્રે ત્રણ સંપાદનો આપ્યા છે.(૧) ચૌદ્લોક (૨)લોક્જણસ (૩)અમી લોક તદુપરાંત તેમણે પોતાની લોક્બોલીમાંથી ફલિત થતા એવા અઘરા શબ્દોના શબ્દાર્થ પણ આપ્યા છે.

૧૦) જયંતિલાલ દવે

જયંતિલાલ દવેનો જન્મ રાજકોટ તાલુકાના રસધાર ગામમાં તા.૧૫/૦૮/૧૯૩૨ના રોજ થયો હતો. તેમનું મૂળનામ જયંતિલાલ સોમનાથ દવે છે. તેમણે લોકસાહિત્યક્ષેત્રે લોકકથાના સંપાદનમા ટેઠેરઠેર ફરી, રેકર્ડ કરેલી માહિતી કાગળ ઉપર ઊતરી લોકકથા, લોકવાર્તાનું સંપાદક કર્યું છે.જયંતિલાલ દવેએ ‘ઉત્તર ગુજરાતની લોકવાર્તાઓ’ નામે પ્રથમ પુસ્તક પ્રકાશિત કર્યું છે. સંપાદક સૌરાષ્ટ્રના રાજકોટ શહેરના વતની હોવા છતાં તેમણે ઉત્તર ગુજરાતના લોકસાહિત્યમાં રસ પડ્યો. તેમના લોકસાહિત્ય પ્રત્યેના રસને કારણે જ તેમણે ‘ઉત્તર ગુજરાતની લોક વાર્તાઓ’નામે સંપાદન આપ્યું છે. ઉત્તર ગુજરાતના વસવાટ દરમિયાન તેઓ ઘણી જાતિના લોકોના સંપર્કમાં આવ્યા અને આ સંપર્ક દરમિયાન તેમને અલગ-અલગ જ્ઞાતિના લોકો પાસેથી વાર્તા ઓ સાંભળવાનું સદ્દભાગ્ય સાંપડ્યું.

૧૧)વીરચંદ પંચાલ

વીરચંદ પંચાલનો જન્મ મોટાગામમાં (તા.પાલનપુર જી.બનાસકાંઠા) તા.30-09-1942ના રોજ થયો હતો. તેમનું મૂળનામ વિરચંદભાઈ દલસારામભાઈ પંચાલ છે. પરંતુ તેઓ પોતાને ‘વિનશ્વર’એ વાહુલા મણા ઉપનામથી ઓળખાવેછે. અંબાજીમાં નોકરી દરમિયાન તેઓ અંબાજીના આસપાસના વિસ્તારોમાં નિવાસ કરતાં સોખલા ગરાસિયા જ્ઞાતિના સંપર્કમાં આવેલા. સોખલા ગરાસિયા જ્ઞાતિ માંગવાતા ગોઠિયા-ગોઠણના પંચોતેર પ્રણય ગીતોનો સંપાદન કર્યું છે. પ્રસ્તુત સંપાદનમાં સંપાદ કે ગોઠિયા-ગોઠણના વિરહ મિલનના ભોળી અને મુગ્ધ ગોઠણની નિર્દોષઅતૂટ પ્રેમની ઝાંખી કરાવતા અને ગમે તેવી પરિસ્થિતિમાં પોતાના ગોઠીયાને સુખી જોવાની ઈચ્છા ધરાવતી ગોઠણ વગેરેનું નિરૂપણ આ પ્રણય ગીતોમાં થયું છે.

૧૨) નવજીભાઇ ડાભી

નવજીભાઇ ડાભીનો જન્મ સાંઢોલી (તા.દાંતા, જિ.બનાસકાંઠ) ગામમાં તા.૦૧/૦૬/૧૯૯૫ના રોજ થયો હતો. ભગવાનદાસ પટેલ અને વિરચંદ પંચાલની સાથે જ આદિવાસી પ્રજાના ક્ષેત્રકાર્ય સંપાદનમાં સહભાગી બનનાર નવજીભાઇ ડાભી પણ છે. નવજીભાઇ પોતે ભીલ આદિવાસી અને સોખલા ગરાસિયાના પ્રદેશને અડીને આવેલા સાંઢોલી ગામના વતની છે. નવજીભાઇ ડાભીનું આ સંપાદન લગ્નગીતો વિષયક છે. સંપાદકે સંપાદન ગ્રંથના આરંભે સોખલા ગરાસિયા જ્ઞાતિનો પ્રદેશ, તેમની લગ્નપ્રથા, વિધિ–વિધાનો, શુકન–અપશુકન, લોકચિત્રો, દહેજ પ્રથા વગેરેની સરસ એવી ચર્ચા કરી છે. સંપાદકે સોખલા ગરાસિયા જ્ઞાતિમાં લગ્ન સમયે થતાં વિધિ વિધાનોની માહિતી આપી છે. જેમકે, સગાઈ કરવી, અમલ કરવો, પાટ બેસાડવો, માતાનુ તેરવી, ગણેશનતેરવો, પીઠી ચોળવી, ગોતરેજ બેસાડવો, મોરિયું નચાવવું, વગેરે લગ્નપ્રથાના રીત–રિવાજોની ચર્ચા કરી છે. સોખલા ગરાસિયામાં વિવિધ લોક દેવો પ્રચલિત છે અને આ લોક દેવો પ્રત્યે રખાતી શ્રદ્ધા, માનતાને ‘હગ’ કહેવામાં આવે છે. ‘હગ’ એટલે એક જ દેવી. તેથી સોખલા ગરાસિયા ફક્ત કોઈ એક જ દેવીનો હગ રાખતા જોવા મળે છે. તથા ઋતુ–ચક્ર પ્રમાણે આવતા ઉત્સવોમાં જે તે દેવીને લાગતો હગ માન્યો હોય, તેને તે નિમિત્તે પૂરો કરવાંમાં આવે છે.

૧૩) રાઠોડ પ્રતાપસિંહ

પ્રતાપસિંહ રાઠોડનો જન્મ પ્રાંતિજ તાલુકાનાં સિતવાડા ગામમાં તા.૦૧-૦૬-૧૯૪૧ના રોજ થયો હતો. તેમનું મૂળનામ રાઠોડ પ્રતાપસિંહ હરિસિંહ છે અને તેઓ ‘સારસ્વત’ એવા ઉપનામથી જાણીતા છે. નિવૃતિના સમયમાં હમણાં પણ તેમની લેખન પ્રવૃત્તિ સતત ચાલી રહી છે. તેમની પાસેથી લોકસાહિત્ય વિષયક માત્ર એક જ પુસ્તક મળે છે. જ્યારે સાહિત્યક્ષેત્રે તેમના ઘણા સંપાદનો પ્રગટ થઈ ચૂક્યા છે. જ્યારે લોકસાહિત્યક્ષેત્રે આપેલ સંપાદન ‘જવારા’ એ તેમનો એક માત્ર વાર્તસંગ્રહ છે. સંપાદન ગ્રંથના આરંભે પ્રસ્તાવના રૂપીલેખ ‘થાપણ’માં ‘જવારા’નો અર્થ આપતા સંપાદક કહે છે, જવારા વાવવાની એક લૌકિક વિધિ છે. ગૌરીવ્રત નિમિત્તે કુમારિકાઓ અને નવરાત્રિ પૂજન નિમિત્તે મોટેરાઓ ‘જવારા’ વાવે અને એનું પૂજન થાય.

૧૪) પ્રાગજીભાઇ ભાંભી

પ્રાગજીભાઇ ભાંભીનો જન્મ મલાસા ગામમાં(તા.ભિલોડા જી.સાબરકાંઠા) તા.૨૪/૦૩/૧૯૩૯ના રોજ થયો હતો. તેમણે પોતાના વતન ઇડર- ભિલોડા આસપાસના વિસ્તારોમાં ગવાતા લોકગીતોનું સંપાદન આપ્યું છે. લોકસાહિત્ય વિષયક એક માત્ર સંપાદન તેમની પાસેથી મળે છે તે પણ ફક્ત લોકગીત સંદર્ભે જ.૧. ફૂલડાં વેંણી વેંણી થાળ ભર્યો:(૨૦૦૩) પ્રાગજીભાઇ ભાંભીનો આ મિશ્રિત લોકગીતોનો સંપાદન ગ્રંથ છે. તેમાં સંપાદકે જે તે ટાણે, અવસરે કે પ્રસંગે અને તેમાંય વળી મુખ્યત્વે દલિત જ્ઞાતિમાં ગવાતા આશરે પચાસેક ગીતો સંપાદિત કરીને મૂક્યા છે. આ લોકગીતોનું મુખ્ય કેન્દ્રબિંદુ તે ઇડર–ભિલોડાનો વિસ્તાર છે. સંપાદકે સાબરકાંઠાના ઇડર–ભિલોડા આસપાસના વિસ્તારની લોકબોલીમાં આ ગીતો આપ્યા છે. તથા ઇડર પ્રદેશ વિશે સંપાદક કહે છે, “જેમ સૌરાષ્ટ્ર, જેમ રાજસ્થાન, તેમ ઉત્તર ગુજરાત અને તે માંય ઇડરનો પ્રદેશ લોકસાહિત્યની ખાણ છે. શોધનારને ત્યાંથી સાચા મોતી અવશ્ય મળે. આ પ્રદેશમાં લોકગીતોના તો ઝાડના ઝાડ ફાલેલાં છે. ઝંઝેડી એ ત્યારે ગીતો જ ગીતો ખરી પડે.” મોટે ભાગે શ્રાવણ માસમાં ગર હોય તે નવરાત્રિ વખતે ને ફાગણમાં હોળી વખતે ગવાતા ગીતો છે. તો બીજા ભાગ પૈકી એકવીસમું અને બાવીસમું એ બે ગીતો લોક ભજનો છે, તે ભજન મંડળીમાં ગવાય છે, જયારે મળે ત્યારે ત્રેવીસથી ચુંમાલીસ એટલે કે કુલ ત્રેવીસ ગીતો લગ્નગીતો છે

૧૫) પ્રાંજલિ પટેલ

પ્રાંજલિ પટેલનો જન્મ મકતુપુર ગામે (તા.ઊંઝા, જી.મહેસાણા) તા.૦૪-૦૭-૧૯૮૩ના રોજ થયો હતો. બાળપણમાં પિતા પાસેથી મળેલા લોકવારસાનું મુલ્ય જાળવીને તેને સંગ્રહિત કરીને પિતાને પગલે ડગ ભરતા ભરતા લોકસાહિત્યક્ષેત્રે પ્રયાણ કર્યું છે. નાની ઉમરે લોકસાહિત્યક્ષેત્રે લોકવાર્તા વિષયક અને વિવેચન વિષયક આપેલા ઉત્તમ પ્રદાન બદલ તેમની ગણના એક ઉચ્ચ મહિલા સંપાદક તરીકે કરવામાં આવે છે. (૧)સૂર્યલોક-૨૦૦૭ (૨) ચંદ્રલોક-૨૦૦૮ (૩) લોક વાર્તા સ્વરૂપ-વિમર્શ-૨૦૦૩ (૧) સૂર્યલોક પ્રાંજલિ પટેલ લોકસહિત્યક્ષેત્રે ઉત્તર ગુજરાત-વાર્તાઓનું સંશોધન અને સંપાદન કરનાર પ્રથમ મહિલા સંશોધક અનેસંપાદક છે. તેમણે પ્રસ્તુત સંપાદનમાં ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના લોકકંઠે સચવાયેલી, સંગ્રહાયેલી ઓગણીસ વાર્તાઓને એકત્રિત કરીને મુકી છે. સંપાદિકા એ મહેસાણા જીલ્લામાં ક્ષેત્રકાર્ય દરમ્યાન જે તે વિસ્તારમાં ફરીફરીને ભાટ, નાયક, ચારણ, ગઢવી, ભરથરી બાવાઓ, બારોટો અને માણ ભટ્ટો વગેરે માહિતીદાતાઓનો સંપર્ક કેળવીને તેમની પાસેથી વાતાર્ઓને સાંભળીને ૨૨ જેટલી કેસેટોમાં ધ્વનિમુદ્રિત કરી ત્યારબાદ લિપ બદ્ધ કરીને આ સંપાદનમાં મૂકી છે. આ સંપાદન ગ્રંથના આરંભે પ્રાંજલિ પટેલે જુના મહેસાણા જિલ્લાના ભૌગોલિક,સામાજિક અને સાસ્કૃતિક સંદર્ભોની ચર્ચા કરી છે. સૌ પ્રથમ તેમણે

'મહેસાણા જિલ્લો ભાગોલિક સંદર્ભે' અંતર્ગત મહેસાણા જિલ્લાનો ઈતિહાસ, અક્ષાંશ અને રેખાંશ, ભૂપુષ્ઠ, આબોહવા અને વરસાદ,નદી-સરોવર વગેરેની વિગતો આપી છે.

૧૬)પ્રભુદાસ પટેલ

પ્રભુદાસ પટેલનો જન્મ રાજપુર ગામમાં(તા.વિજયનગર, જી.સાબરકાંઠા) તા. ૦૧-૦૬-૧૯૬૪ના રોજ થયો હતો. તેમનું પૂરું નામ પટેલ પ્રભુદાસ રૂપાભાઇ છે. તેમણે પોતાના વતન વિજયનગર આસપાસના વિસ્તારમાં વસતી ડુંગરી ગરાસિયા જ્ઞાતિને કેન્દ્રમાં રાખીને સંપાદનો આપ્યા છે. જે નીચે પ્રમાણે છે.૧) અરવલ્લીની લોક સંપદા–૨૦૦૯ ૨) ડુંગરી ગરાસિયાઓ : સામાજિક, સંસ્કૃતિક અને લોક જીવન અને લોકસાહિત્ય-૨૦૦૩૧) અરવલ્લીની લોક સંપદા–૨૦૦૯ પ્રભુદાસ પટેલ સાબરકાંઠાના વિજયનગર વિસ્તારના વસતી ડુંગરી ગરાસિયા જ્ઞાતિમાં લગ્ન પ્રસંગે નુત્ય સાથે ગવાતા એકવીસ ગીતો સંપાદિત કર્યા છે. સંપાદક પોતે આજ વિસ્તારના વતની અને બાળપણમાં આદિવાસી બાલ દોસ્તો સાથે ભણવાનું થયું હોવાથી તેઓ ડુંગરી ગરાસિયા જ્ઞાતિના સંપર્કમાં આવેલા. એમને આ સંપર્ક સંસર્ગમાં પ્રભાવ તળે જ આ સંપાદન આપ્યું હશે એમ માની શકાય સંપાદકે ડુંગરી ગરાસિયા જ્ઞાતિના લગ્ન પ્રસગે અને નવરાત્રી, હોળી, દિવાળી જેવા ઉત્સવો વખતે ગવાતા ગીતોને પોતાની હાજરીમાં જોયેલા, માણેલા અને સાંભળેલા પણ ખરા. ૨) ડુંગરી ગરાસિયાઓ : સામાજિક, સંસ્કૃતિક અને લોક જીવન અને લોકસાહિત્ય ડુંગરી ગરાસિયાના લોક જીવન અને લોકસાહિત્યને પ્રકાશિત કરતુ આ બીજું પુસ્તક પ્રભુદાસ પટેલ પાસેથી મળે છે. સંપાદકે પોતાના વતન વિજયનગર તથા મેઘરજ અને ભિલોડા આસપાસના વિસ્તારોમાં વસ્તીના ડુંગરી ગરાસિયાના જ્ઞાતિના લોક જીવનથી માંડીને તેમના લોકસાહિત્યનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરીને આ સંપાદન આપ્યું છે સંપાદક સંપાદન આરંભે જ આ સંપાદન વિશે વાત કરતા નોંધે છે કે, 'લીલાછમને નયન રમ્ય ગિરિમાળાઓને ગજવી મુકવા એ 'નવરાત્ય' ના હાકોટા, હોળીના દિવસોના ઢોલ નાદ લગ્ન પ્રસંગે નૃત્ય સાથે ગવાતા લોકગીતોના ઘેરા બુલંદ અવાજ ટહુકાઓ, ઉત્તરાયણના તહેવાર પ્રસંગે દેવ ચકલીના પકડ દાવને ગેડી દડાના રમતવીરોને પોર સાવતા ગ્રામ પ્રેક્ષકોના ઉદ્દગાર,ગળતી રાતે જામતી તબલા–કાંસી જોડાની રમઝટ કે તાર–તંબુરના સૂરોમાં રેલાતા ભક્ત લલકાર... જાન ઉઘલતા કે જાનના સામૈયા પ્રસંગે જાણે આજુ બાજુની ડુંગરીઓને ઉલાળતા જાનડીઓના સૂર... અલબત એમાનું ઘણું બધું આજે કરમાઈ ગયું છે.

૧૭) પંકજ પટેલ

પંકજ પટેલનો જન્મ રાજપુર ગામમાં તા.૦૧-૦૬-૧૯૭૯ (તા. વિજયનગર, જી.સાબરકાંઠા) થયો હતો. તેમણે એમ.એ., બી.એડ. પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે વિજયનગર તાલુકાના ડુંગરી ગરાસિયા અને કાથોડી એમ બંને જ્ઞાતિઓને કેન્દ્રમાં રાખીને સંપાદન આપ્યું છે. જે નીચે મુજબ છે. ૧) આદિવાસીઓના લોકગીતો પંકજ પટેલે સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં વસતી 'ડુંગરી ગરાસિયા' અને કાથોડી એમ બંને જ્ઞાતિઓના લગ્ન પ્રસંગે ગવાતા લગ્નગીતો અને લોકગીતોનું સંપાદન કર્યું છે સંપાદન પોતે આ જ વિસ્તારના વતની હોવાથી તે આ જ્ઞાતિઓના સંપર્કમાં આવ્યા હશે, એથી જ કદાચ એમને આ સંપાદન આપ્યું હશે એમ માની શકાય. સંપાદક આ લોકગીતો વિશે કહે છે," અહીં પ્રસ્તુત લોકગીતોમાં ખાસ કરીને લગ્ન પ્રસંગે ગવાતા ગીતો જેવા કે,(કોલ કરતી વખતે, પીઠી ચડાવતી વખતે, માં-બાપને મળતી વખતે, વિદાય લેતી વખતે, ઉપરાંત ઝગડાને લગતા, દુષ્કાળ પ્રસંગેને લગતા, પ્રેમના એકરાર વખતેના. આમ, વિવિધ સમયે ગવાતા લોકગીતોનું ઉદાહરણ સહીત વિસ્તાર પૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.

૧૮) દિનેશ પટેલીયા

દિનેશ પટેલીયાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૬૯ના રોજ ખેરોલ ગામમાં(તા. વિજયનગર જી.સાબરકાંઠા) થયો હતો. તેમણે એમ.એ, પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો છે. હાલમાં તેઓ હિંમતનગર આર્ટસ કોલેજના ગુજરાતી વિષયના એસોશિએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તેમણે પોતાના વતન વિજયનગર આસપાસના વિસ્તારમાં વસતી આંજણા જાતિના સંદર્ભ લોકગીતોનું સંપાદન કર્યું છે. ૧) અરવલ્લીની લોક પરંપરા. દિનેશ પટેલીયાએ પ્રસ્તુત સંપાદનમાં વિજયનગર તાલુકામાં વસતી આંજણા જ્ઞાતિના લગ્ન ગીતો અને લોક ગીતોને સંપાદિત કરીને મૂક્યા છે. સંપાદક પોતે આ જ વિસ્તારના વતની અને ખેડૂપુત્ર હોવાથી બાળપણથી અરવલ્લીના ખેતરો, સીમ-શેઢાઓમાં સ્વતંત્ર રીતે ફરીને આનંદ મેળવેલો અને પોતાના ગામમાંથી પસાર થતી એવી જાનો અને જાનડીઓના મધુર કંઠે ગવાતા ગીતોને સાંભળેલા અને માણેલા પણ ખરા. એથી સંપાદકે અરવલ્લીની લોક પરંપરાના અપ્રતિમ પ્રેમ અને સ્નેહને આધીન થઈને તેમણે આ સંપાદન આપ્યું છે. આ સંપાદનમાંના કેટલાક ગીતો પ્રભુદાસ પટેલના સંપાદનમાંથી લીધા છે. તો વળી કેટલાક ગીતો તેમણે પ્રત્યક્ષ રીતે સાંભળીને ધ્વની મુદ્રિત કરીને લીપી બદ્ધ કર્યા છે.

૧૯) અજીત ગામેતી

અજીત ગામેતીનો જન્મ બાલેટા ગામમાં(તા.વિજયનગર,જી. સાબરકાંઠા)તા.૧૪-૧૦-૧૯૫૪ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ લાલજી ગામેતી અને તેમના માતાનું નામ સોમીબેન ગામેતી છે. તેમણે બી.એસસી. અને એમ.એસસી. સુધીનો અભ્યાસ કર્યો છે તેમના લગ્ન સને૧૯૭૬માં સરલા ગામેતી સાથે થયા હતા. બંને પતિ-પત્ની આદિવાસી ડુંગરી ગરાસિયા જનજાતિના છે.તથા આ બંને પતિ-પત્નીએ ડુંગરી ગરાસિયા જ્ઞાતિ વિષયક સંપાદનો આપ્યા છે. અજીત ગામેતી રાજ્ય સરકારની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાના ક્ષેત્રમાં સેવાઓ ભજાવી હાલ નિવૃત્ત જીવનગાળે છે,તથા 'ન્યાય સહાયક-વિજ્ઞાન'નામે તેમની પરિચય પુસ્તિકા, પરિચય ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલ છે. પરંતુ અહીં લોકસાહિત્ય વિષયક સંપાદનોને જોતા તેમના સંપાદનો નીચે મુજબ છે.૧) આદિવાસી ડુંગરી ગરાસિયા ઉદ્‌ભભવ, વિકાસ અને ભાવિ : ૨) આદિવાસી ડુંગરી ગરાસિયા : યાદગાર લોકગીતો : ૧) આદિવાસી ડુંગરી ગરાસિયા ઉદ્‌ભભવ, વિકાસ અને ભાવિ :આદિવાસી અસ્મિતા અને ડુંગરી ગરાસિયા જ્ઞાતિને ઉજાગર કરતુ આ સંપાદન અજીત ગામેતી પાસેથી મળી આવે છે. અજીત ગામેતી પોતે વિજયનગરના બાલેટા ગામના વતની તથા ડુંગરી ગરાસિયા જનજાતિ ધરાવતા હોવાથી તેઓ આ વિસ્તાર અને જ્ઞાતિથી વિશેષ રીતે પરિચિત છે. સંપાદકે પોતાની જ્ઞાતિને રાજકીય રીતે થઈ રહેલા અન્યાયો વિશે તથા તેમની લોક પરંપરામાં આવી રહેલા પરિવર્તનો તથા લુપ્ત થઇ રહેલો લોક વારસો વગેરેની ચર્ચા કરતા આ સંપાદન ગ્રંથ આપ્યો છે. આ સંપાદનનું કાર્ય જ આદિવાસી ડુંગરી ગરાસિયાના ઉદ્‌ભભવ,વિકાસ અને ભાવિનું સૂચન કરે છે. તથા સંપાદકે પણ શીર્ષક પ્રમાણે ડુંગરી ગરાસિયાની સામાજિક,સંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિઓ ઉપર પ્રકાશ ફેંકયો છે. તથા આ સંપાદન પ્રગટ કરવા પાછળનો આશય વ્યક્ત કરતા સંપાદક પ્રસ્તાવનામાં નોંધે છે, "આદિવાસી ડુંગરી ગરાસિયાઓ પોતાના સમાજને ઓળખે, તેના ભૂતકાળને જાણે,પૂર્વજોએ વેઠેલી વ્યથાઓને જાણે , સંતાનોના વિકાસ માટે અભણમાં-બાપોએ આપેલા સમપર્ણને સમજે તથા પોતાની અસ્મિતા કાયમ રાખે તેવા આશયથી આ પુસ્તકની રચના થઇ છે. "સંપાદકના ઉપરના વિધાન પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે તેમણે આજની યુવા પેઢીને અનુલક્ષીને આ સંપાદન આપ્યું છે. ડુંગરી ગરાસિયા જ્ઞાતિનો યુવાવર્ગ પોતાની પરંપરાને તથા સસ્કૃતિને સમજે, તથા માન આપે. એટલું જ નહિ, આજના વર્તમાન પ્રવાહમાં આદિવાસી વિકાસનો પંથ સદા ધૂંધળો બનતો જાય છે, રાજકીય નેતાઓ પણ પોતાના લાભ માટે આ જ્ઞાતિનો ઉપયોગ કરતા થાય છે અને અંતે આ જ્ઞાતિ તરફ તેમનું વલણ હંમેશા અરુચિ પૂર્ણ જ રહ્યું છે. તેથી યુવાવર્ગ પણ આ બાબતોને સમજીને પોતાની જ્ઞાતિના વિકાસ–પંથને ધૂંધળો બનતા અટકાવવો પડશે. તેમણે સૌપ્રથમ તો તેના મૂળ કારણો જાણી તથા પોતાના પૂર્વજોએ પોતાની જ્ઞાતિને ઉપર ઉઠાવવા જે જે મહત્વના યોગદાનો બલિદાનો આપ્યા છે તેને યાદ કરીને વર્તમાન પરિસ્થિતિને સુધારવા સતત પ્રયત્ન શીલ બનવું પડે.૨) આદિવાસી ડુંગરી ગરાસિયા : યાદગાર લોકગીતો :પ્રસ્તુત સંપાદક અજીત ગામેતી અને સરલાબેન ગામેતીનું સહ સંપાદન છે.સરલાબેન ગામેતી બાળપણથી લોકગીતો ગાવાનો શોખ ધરાવે છે. જેથી કરીને ઘણાંખરા ગીતો તેમને કંઠસ્થ છે.તે ગીતોને તેમણે અહીં લીપીબદ્ધ કરીને મુકયા છે. આ સંપાદનમાં સંપાદક સંપાદિત એ લગ્નગીતો ઉપરાંત મેલા વખતે અને શ્રમકાર્ય વખતે ગવાતા ગીતોને પણ મુકયા છે. આ લોક ગીતો પ્રર્વ આ દંપતિએ લોકગીત ગેય સ્વરૂપની ચર્ચા કરતો વિશેષ લેખ આપ્યો છે.